**પ્રેસ પ્રકાશન**
**ભારતીય રિઝર્વ બેંક**
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
**વેબસાઇટ : www.rbi.org.in**
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 11 ઓક્ટોબર 2017

# જાહેર ક્ષેત્રની બેંકો / નાણાકીય સંસ્થાઓ માટે દ્વિ ભાષા /હિન્દી ગૃહ પત્રિકા પ્રતિયોગીતા- (2016-17)-પ્રવેશ/ અરજીઓ માટે આમંત્રણ

ભારતીય રિઝર્વ બેંક હિન્દી (રાજભાષા) ના ઉપયોગ ને પ્રોત્સાહન આપવા માટે જાહેર ક્ષેત્રની બેંકો / નાણાકીય સંસ્થાઓ માટે દ્વિ ભાષા /હિન્દી ગૃહ પત્રિકા પ્રતિયોગીતા નું આયોજન કરે છે. તમામ જાહેર ક્ષેત્રની બેંકો / નાણાકીય સંસ્થાઓ ને 01 એપ્રિલ 2016 થી 31 માર્ચ 2017 દરમ્યાન પ્રકાશિત કરેલ પ્રત્યેક દ્વિ ભાષા /હિન્દી ગૃહ પત્રિકા ની છ નકલ સંપૂર્ણ રીતે ભરેલા નિર્ધારિત ફોરમેટ સાથે મોકલવા માટે આમંત્રિત કરે છે. ગૃહ પત્રિકાઓ નો અધિનિર્ણય/ ન્યાય નિર્ણય એક મૂલ્યાંકન સમિતિ દ્વારા કરવામાં આવશે અને ભારતીય રિઝર્વ બેંક ના રાજભાષા વિભાગ દ્વારા વિજેતાઓને શિલ્ડ/ પ્રમાણપત્રો આપવામાં આવશે.

પ્રવેશ/ અરજી પ્રાપ્તિ ની અંતિમ તારીખ 06 નવેમ્બર 2017 છે.

પ્રવેશ અરજીઓ નીચેના સરનામે મોકલવાની છે.

પ્રભારી ઉપ મહાપ્રબંધક,
ભારતીય રિઝર્વ બેંક,
રાજભાષા વિભાગ, કેન્દ્રીય કાર્યાલય,
સી-9, બીજો માળ, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ,
બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-400051

પ્રતિયોગીતા માટેના માપદંડ અનુબંધ-ક (Annex 'A') માં આપેલા છે. પ્રવેશ અરજી પ્રસ્તુત કરવા માટે નું નિર્ધારિત ફોરમેટ અનુબંધ-ખ (Annex 'B') માં આપેલ છે.

જોશ કત્તુર
મુખ્ય મહાપ્રબંધક

પ્રેસ પ્રકાશન: 2017-2018/999

**અનુબંધ-ક**

## દ્વિભાષી ગૃહ-પત્રિકા ના માપદંડ (વર્ષ 201617)

1. પ્રતિયોગીતાની મુદત 01 એપ્રિલ 2016 થી 31 માર્ચ 2017 રહેશે.

2. બેંક/ નાણાકીય સંસ્થા ની મુખ્ય ગૃહ-પત્રિકા સ્પર્ધા માટે પાત્ર ગણાશે. મુખ્ય ગૃહ પત્રિકા એને જ ગણવામાં આવશે જેની સૌથી વધારે નકલો છપાતી હોય અને જે બેંક/ નાણાકીય સંસ્થા ના કેન્દ્રીય કાર્યાલયમાંથી પ્રકાશિત કરવામાં આવતી હોય અને જેમાં બેન્કીંગ વિષય પર લેખો, બેંકો દ્વારા જારી કરેલા નિર્દેશો, નાણાકીય સંસ્થા ની વિશેષ પ્રવૃત્તિઓના સમાચાર, કાયમી કોલમો ની સાથે સાહિત્યિક રચનાઓ નો સમાવેશ થતો હોય.

3. આ પત્રિકાઓ બેંકો/ નાણાકીય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત થતી હોવાથી, તેમાં બેન્કીંગ વિષયો પર લેખો, બેંક/નાણાકીય સંસ્થામાં થતી પ્રવૃત્તિઓ નું વર્ણન તથા તે અંગે ના ચિત્રો અને કર્મચારીઓની રચનાઓ વગેરેને પુરતું સ્થાન આપેલું હોવું જોઈએ. નવા લેખકો ની રચનાઓનો સમાવેશ કરીને તેમને હિન્દીમાં લખવા માટે પ્રોસ્તાહિત કરવા જોઈએ.

4. માત્ર શુદ્ધ સાહિત્ય રચનાઓ અને કવિતાઓ તથા અનુવાદિત સામગ્રી વાળી પત્રિકાઓ ને ગૃહ-પત્રિકા ગણવામાં આવશે નહી.

5. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય હિન્દી નો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરવાનો છે તેથી આ પ્રતિયોગીતાને "ગૃહ-પત્રિકા" સુધીજ માર્યાદિત રાખવામાં આવશે. "આર્થિક બુલેટીન" વગેરે જેવી વિશિષ્ટ પત્રિકાઓને આ સ્પર્ધામાં સામેલ કરવામાં આવશે નહી.

6. દ્વિભાષી ગૃહ-પત્રીકાઓના વર્ગ માં પ્રકાશિત કરવામાં આવનાર રાજભાષા વિશેષાંક ને પ્રાધાન્યતા આપવામાં આવશે. રાજભાષા વિશેષાંક અને તેનું સંપાદન માત્ર હિન્દી અથવા દ્વિભાષિક હોઈ શકે છે.

**7. પત્રિકા (મેગેઝીન) ઓછામાં ઓછા 32 પૃષ્ઠો ની હોવી જોઈએ. પૃષ્ઠોની સંખ્યાની ગણતરીમાં કવરનો સમાવેશ કરવામાં આવશે નહી.**

**8.** આ હરીફાઈમાં સામેલ થનાર પત્રીકાઓના **કુલ પાના માંથી ઓછામાં ઓછા 20 ટકા પાના અંગ્રેજીમાં હોવા જોઈએ.**

9. બેંક / નાણાકીય સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન પ્રકાશિત કરેલી ગૃહ પત્રીકાઓમાંથી માત્ર એક પત્રિકા (મુખ્ય પત્રિકા) ના **બધાજ અંકોની છ-છ નકલો પ્રતિયોગીતા માટે મોકલવામાં આવે.**

10. "ગૃહ પત્રિકા પ્રતિયોગીતા" માં ભાગ લેનાર ગૃહ-પત્રિકાઓનું મૂલ્યાંકનઆ આ કાર્ય માટે નિમાયેલ નિર્ણાયક સમિતિ કરશે. નિર્ણાયક સમિતિ નો નિર્ણય આખરી હશે.

11. મૂલ્યાંકન નો આધાર પત્રિકાની સામયિકતા, અંકો ના પ્રકાશનની નિયમિતતા, પાનાની સંખ્યા, હિન્દી પૃષ્ઠોની ટકાવારી, સંપાદકીય, મુખ-પૃષ્ઠ તથા અંદરના કવર પૃષ્ઠો નો ઉપયોગ, ભાષાનું સ્તર, શૈલી તથા પ્રસ્તુતીકરણ, લેખ વગેરેની વિવિધતા, મૌલિકતા અને ગુણવત્તા, મુદ્રણનું સ્તર, સાજ-સજાવટ (લેઆઉટ) અને પ્રાસંગીતતા વગેરે છે.

**12. સંપાદકીય દ્વિભાષી હોય તો પુરા ગુણ, માત્ર હિન્દીમાં સંપાદકીય પ્રકાશિત કરવાવાળી પત્રિકાઓને, (રાજભાષા વિશેષાંક ને છોડીને) આ મુદ્દા માટે નિર્ધારિત ગુણો ના 50% ગુણ અને માત્ર અંગ્રેજીમાં સંપાદકીય હોય તો શૂન્ય ગુણ આપવામાં આવશે. સંદેશ ને સંપાદકીય ગણવામાં નહી આવે.**

**13. નિર્ણાયક સમિતિ ના વિવેકાધીન કેટલાક બોનસ ગુણ રાખવામાં આવ્યા છે.**

14. મૂલ્યાંકન ની સવલત ની દ્રષ્ટિએ પત્રિકાઓની સામયિકતામાં એકરૂપતા હોવી જોઈએ. **જો વર્ષમાં બે કરતાં ઓછા અંક પ્રકાશિત કરવામાં આવ્યા હોય તો, મૂલ્યાંકન કરતી વખતે તેની પર વિચાર કરવામાં આવશે નહી.** અધિક અંકોના પ્રકાશન પર ભાર આપવામાં આવશે. પત્રિકા ના અંકોનું પ્રકાશન તેની નિર્ધારિત મુદતના 45 દિવસની અંદર થવું જોઈએ અને પત્રિકાના પાછળના પાના પર તેના પ્રકાશન ની તારીખ પણ છપાવી જોઈએ.

**15. સતત ત્રણ વર્ષ સુધી પ્રથમ પુરસ્કાર મેળવનાર બેંક/ નાણાકીય સંસ્થાને એક વર્ષ માટે "કુલીંગ પીરિયડ" માં રાખવામાં આવશે** જેથી અન્ય બેંકો/ નાણાકીય સંસ્થાઓ ને પુરસ્કાર મેળવવાની તક મળે.

16. વિષય-વસ્તુ (Contents) માટે વધારાના ગુણ આપવામાં આવશે.

## <u>હિન્દી ગૃહ-પત્રિકા ના માપદંડ (વર્ષ 201617)</u>

1. પ્રતિયોગીતાની મુદત 01 એપ્રિલ 2016 થી 31 માર્ચ 2017 રહેશે.

2. બેંક/ નાણાકીય સંસ્થા ની મુખ્ય હિન્દી ગૃહ-પત્રિકા એને જ ગણવામાં આવશે જેની સૌથી વધારે નકલો છપાતી હોય અને જે બેંક/ નાણાકીય સંસ્થા ના કેન્દ્રીય કાર્યાલયમાંથી પ્રકાશિત કરવામાં આવતી હોય અને જેમાં બેન્કીંગ વિષય પર લેખો, બેંકો દ્વારા જારી કરેલા નિર્દેશો, નાણાકીય સંસ્થા ની વિશેષ પ્રવૃત્તિઓના સમાચાર, કાયમી કોલમો ની સાથે સાહિત્યિક રચનાઓ નો સમાવેશ થતો હોય.

3. આ પત્રિકાઓ બેંકો/ નાણાકીય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત થતી હોવાથી, તેમાં બેન્કીંગ વિષયો પર લેખો, બેંક/નાણાકીય સંસ્થામાં થતી પ્રવૃત્તિઓ નું વર્ણન તથા તે અંગે ના ચિત્રો અને કર્મચારીઓની રચનાઓ વગેરેને પુરતું સ્થાન આપેલું હોવું જોઈએ. નવા લેખકો ની રચનાઓનો સમાવેશ કરીને તેમને હિન્દીમાં લખવા માટે પ્રોસ્તાહિત કરવા જોઈએ.

**4. માત્ર શુદ્ધ સાહિત્ય રચનાઓ અને કવિતાઓ તથા અનુવાદિત સામગ્રી વાળી પત્રિકાઓ ને હિન્દી ગૃહ-પત્રિકા ગણવામાં આવશે નહી.**

**5. હિન્દી ગૃહ પત્રિકા ઓછામાં ઓછા 32 પૃષ્ઠો ની હોવી જોઈએ. પૃષ્ઠોની સંખ્યાની ગણતરીમાં કવરનો સમાવેશ કરવામાં આવશે નહી.**

6. બેંક / નાણાકીય સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન પ્રકાશિત કરેલી ગૃહ પત્રીકાઓમાંથી માત્ર એક પત્રિકા (મુખ્ય પત્રિકા) ના **બધાજ અંકોની છ-છ નકલો પ્રતિયોગીતા માટે મંગાવવામાં આવશે.**

7. "ગૃહ પત્રિકા પ્રતિયોગીતા" માં ભાગ લેનાર ગૃહ-પત્રિકાઓનું મૂલ્યાંકનઆ આ કાર્ય માટે નિમાયેલ નિર્ણાયક સમિતિ કરશે. નિર્ણાયક સમિતિ નો નિર્ણય આખરી હશે.

8. મૂલ્યાંકન નો આધાર પત્રિકાની સામયિકતા, અંકો ના પ્રકાશનની નિયમિતતા, અંક પ્રમાણે પાનાની સંખ્યા, સંપાદકીય, મુખ-પૃષ્ઠ તથા અંદરના કવર પૃષ્ઠો નો ઉપયોગ, ભાષાનું સ્તર, શૈલી તથા પ્રસ્તુતીકરણ, લેખ વગેરેની વિવિધતા, મૌલિકતા અને ગુણવત્તા, મુદ્રણનું સ્તર, સાજ-સજાવટ (લેઆઉટ) અને પ્રાસંગીતતા વગેરે છે.

9. **પત્રિકામાં સંપાદકીય અવશ્ય રાખવામાં આવે. સંપાદકીય માટે અલગથી યોગ્ય ગુણ રાખવામાં આવ્યા છે.**

10. **નિર્ણાયક સમિતિ ના વિવેકાધીન કેટલાક બોનસ ગુણ રાખવામાં આવ્યા છે.**

11. મૂલ્યાંકન ની સવલત ની દ્રષ્ટિએ પત્રિકાઓની સામયિકતામાં એકરૂપતા હોવી જોઈએ. **જો વર્ષમાં બે કરતાં ઓછા અંક પ્રકાશિત કરવામાં આવ્યા હોય તો, મૂલ્યાંકન કરતી વખતે તેની પર વિચાર કરવામાં આવશે નહી.** અધિક અંકોના પ્રકાશન પર ભાર આપવામાં આવશે. પત્રિકા ના અંકોનું પ્રકાશન તેની નિર્ધારિત મુદતના 45 દિવસની અંદર થવું જોઈએ અને પત્રિકાના પાછળના પાના પર તેના પ્રકાશન ની તારીખ પણ છપાવી જોઈએ.

12. **સતત ત્રણ વર્ષ સુધી પ્રથમ પુરસ્કાર મેળવનાર બેંક/ નાણાકીય સંસ્થાને એક વર્ષ માટે "કુલીંગ પીરિયડ" માં રાખવામાં આવશે** જેથી અન્ય બેંકો/ નાણાકીય સંસ્થાઓ ને પુરસ્કાર મેળવવાની તક મળે.

13. વિષય-વસ્તુ (Contents) માટે વધારાના ગુણ આપવામાં આવશે.

**<u>અનુબંધ-ખ</u>**

**<u>પ્રારૂપ-1</u>**

## <u>હિન્દી ગૃહ-પત્રિકા પ્રતિયોગીતા-વર્ષ-2016-17</u>

1. બેંક/ નાણાકીય સંસ્થાનું નામ:

2. કેન્દ્રીય કાર્યાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવનાર હિન્દી ગૃહ-પત્રિકા નું નામ:

3. સામયિકતા: માસિક / ત્રિમાસિક / છ માસિક/ વાર્ષિક

4. વર્ષ દરમ્યાન પ્રકાશિત કરેલ અંકો ની કુલ સંખ્યા તથા

તેમના પ્રકાશનની તારીખ: **<u>સામાન્ય</u>** **<u>વિશેષાંક</u>** **<u>પ્રકાશનની તારીખ</u>**

5.(i) શું અંક નિયમિત રૂપે પ્રકાશિત થાય છે:---- હા / ના

(ii) જો ના, તો તેનું કારણ-

6. પૃષ્ઠ સંખ્યા (અંકવાર સ્થિતિ)

1.
2.
3.
4.
5.
6.

7. <u>લેખ વગેરે મૌલિક છે કે અનુવાદિત</u>

<u>અનુવાદિત લેખો ની પૃષ્ઠ સંખ્યા</u> <u>મૌલિક લેખો ની પૃષ્ઠ સંખ્યા</u>

8. કાયમી કોલમ ની સંખ્યા અને તેના શીર્ષક:

9. અન્ય કોઈ માહિતી-

સ્થળ: ---------------------------------------

તારીખ: (બેંક / નાણાકીય સંસ્થા ના મુખ્ય કાર્યપાલક ના હસ્તાક્ષર)

રબર સ્ટેમ્પ

**<u>અનુબંધ-ખ</u>**

**<u>પ્રારૂપ-2</u>**

## <u>દ્વિભાષી ગૃહ-પત્રિકા પ્રતિયોગીતા-વર્ષ-2016-17</u>

1. બેંક/ નાણાકીય સંસ્થાનું નામ:

2. કેન્દ્રીય કાર્યાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવનાર દ્વિભાષી ગૃહ-પત્રિકા નું નામ:

3. સામયિકતા: માસિક / ત્રિમાસિક / છ માસિક/ વાર્ષિક

4. વર્ષ દરમ્યાન પ્રકાશિત કરેલ અંકો ની કુલ સંખ્યા તથા

તેમના પ્રકાશનની તારીખ: **<u>સામાન્ય</u>** **<u>વિશેષાંક</u>** **<u>પ્રકાશનની તારીખ</u>**

5.(i) શું અંક નિયમિત રૂપે પ્રકાશિત થાય છે:---- હા / ના

(ii) જો ના, તો તેનું કારણ-

6. દ્વિભાષિકતા

(i) શું બધા જ અંકો દ્વિભાષિક છે- હા / ના

(ii) જો ના, તો તેનું કારણ-

7. પૃષ્ઠ સંખ્યા (અંકવાર સ્થિતિ) <u>હિન્દીમાં</u> <u>અંગ્રેજીમાં</u> <u>કુલ</u>

1.
2.
3.
4.
5.
6.

8. <u>હિન્દી</u> <u>લેખ વગેરે મૌલિક છે કે અનુવાદિત</u>

(અંકવાર સ્થિતિ)

<u>અનુવાદિત લેખો ની પૃષ્ઠ સંખ્યા</u> <u>મૌલિક લેખો ની પૃષ્ઠ સંખ્યા</u>

9. કાયમી કોલમ ની સંખ્યા અને તેના નામ (જો હોય તો):

10. અન્ય કોઈ માહિતી-

સ્થળ: ----------------------------------------

તારીખ: (બેંક / નાણાકીય સંસ્થા ના મુખ્ય કાર્યપાલક ના હસ્તાક્ષર)

રબર સ્ટેમ્પ નામ:-

હોદ્દો:-